આદર્શ નિવાસી શાળામાં વિશ્વ આદિવાસી દિન ઉજવાયો

એકટીવા ચોરીનો માસ્ટર ચોર પકડાયો

ચોરીના છ વાહનો રીકવર : સેકન્ડ વાહનનો ભાવ કર્યા બાદ તેની અડધી કિંમત લઈ બાકીની રકમ આર.સી. બુક આપુ ત્યારે આપજો તેમ કહી એકટીવા વેચી દેતો હતો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એસઓજીની ટીમે કલોલના એક વાહનચોરને પકડી પાડયો છે. આ વાહનચોર એકટીવાની ચોરીમાં માસ્ટર છે. તેની પાસેથી ચોરીના છ વાહનો રીકવર કરવામાં આવ્યા છે. જે પૈકી ચાર એકટીવા છે ચોરીના છ વાહનો સાથે આરોપીની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી પી.આઈ. પી.બી. ચૌહાણ તથા એમ.આર. પુવારની ટીમે વાહનચોરો પકડવા તજવીજ શરુ કરી છે. દરમિયાન એસઓજીની ટીમે ચોકકસ બાતમીને આધારે કલોલ પંચવટી વિસ્તારમાં સ્થિત સહયોગ સોસાયટીમાં રહેતા રોમીલ પ્રવિણ કડિયાને તેના ઘરેથી દબોચી લીધો છે. અમદાવાદના અલગ અલગ વિસ્તારોમાંથી ચોરી કરેલા ચાર એકટીવા અને મહિન્દ્રા ડયુરો તથા હીરો માઈસ્ટ્રો મળીને છ વાહનો સાથે પકડી પાડવામાં આવ્યો છે. રૂ. ૧.૫૦ લાખના ચોરીના વાહનો સાથે રોમીલ કડીયા નામના શખ્સની ધરપકડ કરી તેની સઘન પુછપરછ હાથ ધરવામાં આવી છે. આ એકટીવા ચોરીમાં માસ્ટર શખ્સ વાહનો ચોરીને વેચી દેતો હતો. સેકન્ડ હેન્ડ વાહનનો ભાવ કરીને તેની અડધી કિંમત લઈ લેતો હતો. બાકીની રકમ વાહનની આર.સી. બુક આપે ત્યારે આપજો તેવો વાયદો કરતો હતો પરંતુ ત્યાર બાદ તે વાહન ખરીદનાર વ્યકિતનો સંપર્ક પણ કરતો ન હતો.

@ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન લવંગ એલાફલમના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન કારેલા યોળીના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પૂજાની સામગ્રીના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે મેહુલભાઈ ઓઝાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૩/૧, સે-૧૪ ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૨૪ (જ-૧) બ્લોક નં. ૪ પાસે આવેલ દશામાના મંદિર ખાતે મેના કલાવંદના રાસ-ગરબા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે આનંદ નીતિનભાઈ જોષીના નિવાસસ્થાન બ્લોક નં. ૧૩૭/૧૨, બી-૧ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા કૌશિકભાઈ જાનીના નિવાસસ્થાન ૪૧૮/૧, કિસાનનગર ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ શાકભાજીના હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્ત્રનામ વિષય ઉપર પૂજય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા રવિન્દ્રભાઈ દવેના નિવાસસ્થાન વૈજનાથ મહાદેવ, સે-૨૧, ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.

● ગાયત્રી પરિવાર દ્વારા વૈદિક ગાયત્રી પ્રાર્થના પ્લોટ નં. ૧૯૭/૧, ગોમતીબેનના નિવાસસ્થાને બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● સે-૧૪ અંબાજી મંદિર ખાતે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન બહુચરનો આનંદનો ગરબો શકિત મંડળ દ્વારા ગાવામાં આવશે.

વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલમાં ફરી એકવાર નવજાત બાળકના જન્મ પ્રસંગે બળજબરીથી 'ખુશી વેરો' ઉઘરાવવા બાબતે હોબાળો થવા પામ્યો હતો. આ વખતે તો વાતની હદ ત્યાં થઈ કે ગરીબ પરિવારોના જે બે બાળકોના જન્મ અંગે 'ખુશી વેરો' માંગવામાં આવ્યો તેમાં એક બાળકનું તો અવસાન થઈજવા પામ્યું હતું. છતાં ખુશી વેરો માંગવામાં આવતા અંતે પરિવારે સિવિલ હોસ્પિટલના આરએમઓનેલેખિત ફરિયાદ કરવી પડી હતી.

● આગામી સ્વાતંત્ર્યતા પર્વને અનુલક્ષીને શહેરમાં સરકારી તથા શાળાકીય આયોજનોને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આ સાથે શહેરની અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા સ્વાતંત્ર્યતા પર્વે અનેકવિધ સમાજોપયોગી કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે.

● સે-૨૧માં વૈજનાથ માલણેશ્વર મહાદેવ ખાતે સ્વતંત્રતા દિવસે દર વર્ષની જે આ વર્ષે પણ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં થેલેસેમિયા ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગરના સંયુકત ઉપકમે થેલેસેમીયા ચેક અપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૪૬ જેટલા વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો તેમજ અગાઉ યોજાયેલા કેમ્પમાં ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આમ કોલેજના ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓનો થેલેસેમીયા ટેસ્ટ કરવામાં આવ્યો છે. આ ટેસ્ટથી ઘણા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓમાંથી બચી શકયા છે તે ખૂબ જ સરાહનીય છે. એનએસએસ અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી-ગાંધીનગરના સુનિલભાઈ સોની, જીજ્ઞેશભાઈ રાવલ તથા હિતેષભાઈ રાવલે કેમ્પને સફળ બનાવવા ફાળો આપ્યો છે. આ સમગ્ર કાર્યક્રમનું

આયોજન અને સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સૂરજ મુંજાણી, સાહિલ પટેલ, વિકાસ રાજગોર, મિત્ત સોની, ચૌધરી કેયૂર, હરેશ ભવાની, પિન્કલ પટેલ, પ્રિયંકા ચાવડા, પાયલ ઠકકર, અલ્પા લાડવા, શિવાની મોડીયા, રાવલ મોના, ઝાપડીયા મમતા, પિરજા સંધ્યા, ઠકકર અંજના, પટેલ બંસરી અને દરેક કલાસના એફ.વાય.ના સી.આર.એ મહત્વનો ફાળો આપ્યો હતો.

બળેવના દિવસે જનોઈ બદલવાનો કાર્યક્રમ

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન સમસ્ત બ્રહ્મસમાજ, સેકટર-૨૬ દ્વારા બળેવના દિવસે તા. ૧૮ ઓગષ્ટના રોજ નૂતન-યજ્ઞોપવિત (જનોઈ) બદલવાનો કાર્યક્રમ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન સેકટર-૨૭ના રંગમંચ ખાતે યોજાશે. સેકટર-૨૬ના બ્રહ્મબંધુઓએ નામ નોંધાવવા માટે ઉપપ્રમુખ વિષ્ણુભાઈ જાનીનો સંપર્ક કરવા જણાવાયું છે.

આદર્શ નિવાસી શાળામાં વિશ્વ આદિવાસી દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં સે-૬ અને સે-૧૨ ખાતેની આદિવાસી નિવાસી શાળાઓમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત કેક કાપવામાં આવી હતી તથા બાળકોને શિક્ષણ પ્રત્યે ગંભીર બની સારા પરિણામો પ્રાપ્ત કરી ઉત્તમ કારકિર્દી ઘડતર દ્વારા આદિવાસી સમાજનું નામ રોશન કરવા પ્રેરિત કરાયા હતાં.

વિશ્વભરમાં તા. ૯મી ઓગષ્ટ આદિવાસી વનબંધુ દિવસ તરીકે ઉજવવામાં આવેછે. ગાંધીનગરના સે-૬માં આદિવાસી કન્યા નિવાસી શાળામાં કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી. અહીં કાર્યક્રમમાં ઉપસ્થિત ૭૦ જેટલી આદિવાસી બાળાઓને બોલપેનની ગીફટ આપવામાં આવી હતી અને ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવા લગનથી અભ્યાસ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સેકટર-૧૨ ખાતેના કુમાર છાત્રાલયમાં પણ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦ જેટલા આદિવાસી કુમારોએ ભાગ લીધો હતો. અહીં પણ કેક કાપવામાં આવી હતી તથા કુમારોને ચોકલેટ દ્વારા મ્હોં મીઠું કરાયું હતું. કાર્યક્રમમાં ગુજરાતના છેવાડાના જિલ્લામાંથી આવતા આદિવાસી બાળકોને ગાંધીનગરમાં એકલતાનો સામનો ના કરવો પડે અને પૂરતી હુંફ મળી રહે તે હેતુથી આહવાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયત સદસ્ય જે.ડી. ચારેલ, નગરસેવક પાયલબેન મેણાત, કોંગ્રેસ એસ.ટી. સેલ પ્રમુખ વિનોદ મેણાત, શાળાના આચાર્ય ડી.કે. પાંડોર તથા નિવૃત્ત શિક્ષકો સુધીર સોલંકી તથા સી.એન. ડામોર વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

સે-૨૧ ઓમકાર પાન પાર્લર પરિવાર દ્વારા સ્વાતંત્ર્ય પર્વની અનોખી ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૦

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે સે-૨૧ ઓમકાર પાનપાર્લર પરિવાર દ્વારા રાષ્ટ્રીય ભકિતના અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સતત ૨૫મા વર્ષે પણ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે નગરજનોને જલેબીનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત રાષ્ટ્રીય ગીત અને દેશભકિતના ગીતો માટે પણ વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવશે.

સેકટર-૨૧ ઓમકાર પાન પાર્લરના માલિક ઓમકારસિંહ ઠાકુર દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી સ્વાતંત્ર્ય પર્વની અનોખી ઉજવણી કરી રાષ્ટ્ર ભકિતનું ઉદાહરણ પુરું પાડવામાં આવે છે. આ કાર્યક્રમમાં ઓમકારસિંહ ઠાકુર સહિત તેમનો પરિવાર પણ જોડાય છે. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અન્વયે છેલ્લા ૨૫ વર્ષથી જલેબીનું વિતરણ કરવામાં આવે છે. આગામી ૧૫ ઓગષ્ટના રોજ પણ ૫૦૦ કિલોથી વધુ જલેબીનું વિતરણ કરવામાં આવશે. આ દરમિયાન સીતારામ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે જયારે ગીત સંગીત સાથે રાષ્ટ્ર ભકિતના ગીતો રજૂ કરવા ખાસ મ્યુઝિકલ પાર્ટીને પણ આમંત્રિત કરવામાં આવી છે. બેટી બચાવો, સ્વચ્છતા અભિયાન, ગતિશીલ ગુજરાત અને કોમી એકતાના સંદેશા સાથે પારિવારિક માહોલમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે નગરના આગેવાનો, પદાધિકારીઓ તેમજ નગરજનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ઓમકારસિંહ ઠાકુરે જણાવ્યું છે.

હાસ્ય કાર્યક્રમના પ્રવેશ પાસ મેળવવા જોગ

ગાંધીનગર, તા.૧૦

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા તા.૧૨ ઓગષ્ટને શુકવારના રોજ રાત્રે ૯ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે હાસ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના પ્રવેશ પાસ દરેક સભ્યોને પહોંચતા કરવામાં આવ્યા છે. આમ છતાં જે સભ્યને પ્રવેશ પાસ ન મળેલ હોય તેમણે જીલુભા ધાધલ, અનિલભાઈ હિંગુ તથા ભૂપેન્દ્ર ગજજરનો મો.નં. ૬૮૨૪૦૨૯૯૦૨ અથવા ૯૪૨૭૫ ૨૫૨૭૫ ઉપર સંપર્ક કરીને મેળવી લેવાના રહેશે. પ્રવેશ પાસ વિના કાર્યક્રમમાં પ્રવેશ આપવામાં આવશે નહિ તેમ ટ્રસ્ટી મગનભાઈ કાકડિયાએ જણાવ્યું છે.

ટેલિફોન ફરિયાદ બુકની સગવડ બંધ કરાઈ

ગાંધીનગર, તા.૧૦

ભારત સંચાર નિગમ સેકટર-૧૧માં લેન્ડલાઈન ટેલિફોનની ફરિયાદો જેવી ટેલિફોન બંધ થઈ જવા, અવાજ આવવો કે અન્ય ફરિયાદો માટે ફરિયાદ નોંધવા માટે સીકયુરીટી રૂમ નજીક ફરિયાદ રજીસ્ટર ચોવીસ કલાકની સુવિધાવાળુ મુકવામાં આવેલ હતું.

પરંતુછેલ્લા કેટલાક સમયથી આ રજિસ્ટર મુકવામાં આવતું નથી. જેથી ફરિયાદ નોંધી શકાતી નથી. ફરજિયાત મોબાઈલ દ્વારા નોંધાવવી પડે છે જેમની પાસે મોબાઈલ નથી પણ લેન્ડલાઈન ટેલિફોન છે તેઓને ફરિયાદ નોંધાવવાની તકલીફ ઉભી થયેલ છે. સત્વરે કમ્પ્લેન રજિસ્ટર મુકવાની જરૂર છે તેવી લોકલાગણી છે.

સેકટર-૩-ન્યુ વસાહત મંડળ દ્વારા ખુબ જ સુંદર પહેલ કરી સેકટરના પ્રવેશ દ્વારે આવકારસૂચક સાઈન બોર્ડ મુકવામાં આવ્યા છે. વસાહતીઓની આ પહેલને સૌએ ખુબ વખાણી છે.

સે-૨૧ શાકમાર્કેટ પાસેથી ચોરીના મોબાઈલ સાથે એક ઝડપાયો

છારાનગરની એક મહિલા પાસેથી મોબાઈલ ખરીદ્યો હોવાની કેફીયત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ સ્થિત શાકમાર્કેટ પાસેથી અમદાવાદના એક યુવાન શખ્સને ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીના આધારે ચોરીના મોબાઈલ સાથે પકડી પાડયો છે. એલસીબીની ટીમે તેને પકડીને સઘન પુછપરછ કરતાં આ કિંમતી મોબાઈલ છારાનગરની એક મહિલા પાસેથી તે યુવાને રૂ. ૪ હજારમાં ખરીદ્યો હોવાની કેફીયત આપી છે. પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ

શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા અન્ય માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ગઈ કાલે કોન્સ્ટેબલ કેતનકુમારને બાતમી મળી હતી કે સે-૨૧ શાકમાર્કેટ પાસે એક શખ્સ ચોરીના મોબાઈલ સાથે ઉભો છે. નરોડા વિસ્તારનો મુળ રહેવાસી અને હાલ કઠવાડા ખાતેના ગોકુલ ગેલેક્ષી એપાર્ટમેન્ટમાં રહેતા નિમેષ ઉર્ફે ટીનો પ્રવિણભાઈ પંચાલ રૂ. ૧૨ હજારની કિંમતના એચટીસી કંપનીના મોબાઈલ સાથે પકડાયો હતો. આ મોબાઈલ અંગે તપાસ કરતાં સે-૨૧ પોલીસ મથકમાં આ મોબાઈલ ચોરાયો હોવાની ફરિયાદ નોંધાયેલી હોવાનું જાણવા મળ્યું હતું. નિમેષની પુછપરછ કરતાં તેણે છારાનગરની એક મહિલા પાસેથી રૂ.૪૦૦૦માં ખરીદ્યો હોવાનું પોલીસને નિવેદન આપી રહ્યો છે.

મેઘરાજાએ મન મોકળુ કરતા વાતાવરણ બદલાયુ

બારી-બારણાં, કબાટ, ખાદ્ય ચીજવસ્તુઓ, ઈલેકટ્રોનીકસ ઉપકરણો વગેરેમાં ભેજ આવતા ખોટકાયાં : વપરાશકારો પરેશાન

ગાંધીનગર, તા.૧૦

મેઘરાજાએ મોડા મોડા પણ ધમાકેદાર આગમન કરતાં વાતાવરણ ઠંડુગાર બની ભેજવાળુ બની ગયું છે. ભેજનું પ્રમાણ ખુબ જ વધારે થઈ જતા દૈનિક વપરાશની ચીજવસ્તુઓમાં ભેજ પ્રસરી ગયો છે. જે કારણે ઈલેકટ્રોનીકસ ઉપકરણો ખોટકાઈ રહ્યા છે. જો કે ગૃહિણીઓ પણ ઘરના બારી-બારણાં, બાથરૂમના દરવાજા સહિત ખાદ્ય ચીજવસ્તુઓમાં આવેલા ભેજથી પરેશાન બની છે. આ તમામ વપરાશની વસ્તુઓમાંથી ભેજ દૂર કરવા હીટર કે ભારે વોલ્ટેજના બલ્બનો ઉપયોગ થઈ રહ્યો છે જે કારણે વિજ વપરાશ પણ વધી ગયો છે.

છેલ્લા ત્રણ દિવસથી વરસાદની હેલી થતાં વાતાવરણ ભેજમય બની ગયું છે. ભેજવાળા વાતાવરણની અસરો દૈનિક ઉપયોગી ચીજવસ્તુઓમાં દેખાઈ રહી છે. જેમાં ઘરના જે ફર્નિચરમાં લાકડાનો ઉપયોગ થયો હોય તે ભેજથી ફુલી જતા ઉઘાડવા અને ખોલવા કઠીન બની ગયા છે. તો ખાદ્ય ચીજવસ્તુઓ જેવી કે પાપડ, વેફર, ગોળ, મમરા, પૌંઆ, મીઠું તેમજ ફરસાણમાં ગાંઠીયા, પાપડી સહિત કડક વસ્તુઓમાં પણ ભેજ લાગી ઢીલી થઈ જાય છે. જયારે ઓફિસમાં ઉપયોગી એવા કોમ્પ્યુટર અને બીજા ઈલેકટ્રોનીકસ ઉપકરણો ભેજના કારણે હાલ ખોટકાઈ રહ્યા છે. વધુમાં ઓફીસમાં ઉપયોગી એવા કાગળ પણ ભેજથી લુઝ થઈ ગયા છે. જે કારણે લખવામાં કે પ્રિન્ટરમાં પ્રિન્ટ મેળવવામાં પણ મુશ્કેલી ઉભી થઈ રહી છે.

આ ભેજયુકત પદાર્થો અને ચીજવસ્તુઓમાંથી ભેજ દુર કરવા હાલ હિટરનો મહત્તમ વપરાશ થઈ રહ્યો છે તો વધારે વોલ્ટેજના બલ્બથી પણ ભેજ દુર કરવાના પ્રયાસો કરાઈ રહ્યા છે જે કારણે પણ વીજવપરાશ વધ્યો છે. વરસાદી વાતાવરણથી લાગેલ આ ભેજ તેજ તાપ પડવાથી જ દુર થઈ શકે તેમ છે. આમ સમગ્ર વાતાવરણમાં સર્જાયેલા અતિ ભેજથી દૈનિક પ્રવૃત્તિઓમાં મુશ્કેલીઓ નડી રહી છે. છતાં મેઘરાજાના આગમનને સૌ કોઈએ આનંદપૂર્વક વધાવી લીધું છે.

વીપીએમપી પોલીટેકનીક ખાતે 'એટીકેટસ એન્ડ ગ્રુમિંગ' વિષય ઉપર વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

સે-૧૫ ખાતે આવેલી વીપીએમપી પોલીટેકનીકમાં 'એટીકેટસ એન્ડ ગ્રુમિંગ' વિષય ઉપર સંસ્થાના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેસીઆઈ ઈન્ડિયાના વિમેન એમ્પાવરમેન્ટ એન્ડ સ્કીલ ડેવલપમેન્ટના નેશનલ કો ઓર્ડીનેટર પ્રજ્ઞા મહેતા અને જેસીઆઈ ગાંધીનગર ચેપ્ટરના વાઈસ-પ્રેસીડેન્ટ સુનિલ ગંગવાણી ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસાયિક, સામાજીક અને અંગત જીવનમાં જરુરી એવી કેટલીક એટીકેટસ વિષે વાત કરતા મહેતાએ જણાવ્યું હતું કે પ્રોફેશનલ જીવનમાં એટીકેટસ સફળતાની સીડીઓ ચઢવામાં ખૂબ જ જરૂરી છે. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય પ્રોફે. એ.જે. પટેલ અને અધ્યાપકો હાજર રહ્યા હતા.

ચિરવિદાય

- સ્વ. હેમાંગી કિશોરભાઈ પટેલ, ઉ.વ. ૨૧
- સ્વ. વાઘેલા વિનોદભાઈ જસુજી, ઉ.વ. ૪૨
- સ્વ. અમૃતાબેન બળદેવજી ડાભી, ઉ.વ. ૩૭
- સ્વ. ઠાકોર બળદેવજી શંકાજી, ઉ.વ. ૮૦